દાહોદમાં ખાતરનું કાળાબજાર કરવાનું મોટું કૌભાંડ ઝડપાયું

ઈન્દોર-અમદાવાદ હાઈવે પરથી યુરિયાની ૭૫ થેલીઓ સાથે બોલેરો ઝડપાઈ

પ્રાથમિક દ્રષ્ટિએ આ જથ્થો ઓપન માર્કેટમાં ઊંચા ભાવે કાળાબજારી કરવાના હેતુથી લઈ જવાતો હોવાનું સામે આવ્યું

(પ્રતિનિધિ) દાહોદ, તા.25 દાહોદ જિલ્લામાં ખેતીવાડી વિભાગે સપાટો બોલાવીને સબસિડીવાળા યુરિયા ખાતરના કાળા બજારના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ઈન્દોર-અમદાવાદ નેશનલ હાઈવે પર રાબડાલ ગામ નજીક થી એક શંકાસ્પદ બોલેરો ગાડીમાંથી ગેરકાયદેસર રીતે લઈ જવાતો પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજનાનો યુરિયા ખાતરનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. આ મહાનં કામગીરીને પગલે દાહોદના નાયબ ખેતી નિયામક સી. એમ. પટેલને ચોક્કસ બાતમી મળી હતી કે મધ્યપ્રદેશ તરફ થી એક ગાડીમાં ખાતરનો ગેરકાયદે જથ્થો ખાતરની કાળાબજારી કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.બાતમીના આધારે ગોઠવાઈ વોચમળતી માહિતી મુજબ, ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમી ના આધારે ખેતીવાડી વિભાગની ટીમે રાબડાલ નજીક હાઈવે પર વોચ ગોઠવી હતી. તે દરમિયાન મધ્યપ્રદેશ (MP) પાસિંગની એક શંકાસ્પદ બોલેર ગાડી ને રોકીને તલાશી લેતા તેમાંથી સરકારી સબસિડીવાળું યુરિયા ખાતર મળી આવ્યું હતું. રૂ. ૧૯,૯૮૭નો મુદ્દામાલ જપ્ત અધિકારીઓએ ગાડીમાંથી પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજના (PMBJP) ના માર્કાવાળી યુરિયા ખાતરની કુલ ૭૫ થેલીઓ જપ્ત કરી છે. ખેતીવાડી વિભાગ દ્વારા ખાતરના આ જથ્થા સહિત કુલ રૂ. ૧૯,૯૮૭/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

દાહોદના રળીયાતી સાંગા ફળિયામાં તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધિ) દાહોદ, તા.25 ગત તારીખ ૨૦-૭-૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે દાહોદ તાલુકાના રળિયાતી ગામે સાંગા ફળિયામાં ત્રાટકેલા તસ્કરોએ દાહોદના ગોદી રોડ, પશુપતિનાથ નગર સામે, ભવાની પેલેસમાં રહેતા ભગવાનદાસ લીલારામ ઉદવાનીની રળીયાતી સાંગા ફળિયામાં આવેલ ભવાની એજન્સી નામની દુકાનને નિશાન બનાવી હતી અને ધાબાના રસ્તે થી દુકાનમાં ઊતરી દુકાનમાં મુકેલ ટેબલના ખાનામાંથી રૂપિયા ૩૦,૦૦૦/-ની રોકડ, રૂપિયા ૫,૬૧,૦૦૦/-ની કિંમતના વિમલ પાન મસાલાના અને જર્દા(તમાકુ) ના બોરા નંગ-૪૪ તથા રૂપિયા ૪૦,૦૦૦/-ની કુલ કિંમતના નેશનલબ્રાન્ડ તેમજ કક્સ બ્રાન્ડની સિગારેટના ડંડા નંગ-૨૬ મળી રૂપિયા ૬,૩૧,૦૦૦/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા.

આકસ્મિક પરિસ્થિતિઓ માટે વિશેષ ટીમોને એલર્ટ

કાલોલ-મલાવ રોડ પર આંટા ગામે પડેલા વૃક્ષો હટાવી વાહનવ્યવહાર પુર્વવત કરાયો

(પ્રતિનિધિ) કાલોલ, તા.25 ચોમાસાની ઋતુમાં પવન અને છેલ્લા ત્રણેક દિવસથી વરસાદના કારણે કાલોલમાં પણ મલાવ થી કાલોલ રોડ પર આવેલા આંટા ગામ પાસે રસ્તા પર વૃક્ષો પડી જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ત્યારે ઘટનાની જાણ થતાં જ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું.

જેમાં વહીવટી તંત્રની સતર્કતા અને વનીકરણ વિભાગ તથા માર્ગ-મકાન વિભાગની ટીમ દ્વારા સંયુક્ત રીતે કામગીરી હાથ ધરવામાં આવી. ટીમે સમયસર પડી ગયેલા વૃક્ષોને કાપીને રસ્તો ખુલ્લો કર્યો હતો. જ્યાં આના કારણે જિલ્લાના મુખ્ય વાહનવ્યવહારના માર્ગો પર સલામતી સાથે વાહનવ્યવહાર ફરી શરૂ કરી દેવામાં આવ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે રસ્તો સાફ કર્યા બાદ ટ્રાફિક નિયમિત કરવામાં આવ્યો અને મુસાફરોને કોઈ અગવડ ન પડે તેની તકેદારી રાખવામાં આવી છે અને વહીવટી તંત્ર દ્વારા ચોમાસાને ધ્યાનમાં રાખીને આવી આકસ્મિક પરિસ્થિતિઓ માટે વિશેષ ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. રસ્તા પર ક્યાંય પણ વૃક્ષ પડવા કે પાણી ભરાવાની ફરિયાદ મળે તો તાત્કાલિક નિકાલ કરવાની સૂચના આપવામાં આવી છે. ત્યારે સ્થાનિકોએ તંત્રની ઝડપી કામગીરીને આવકારી છે અને જણાવ્યું કે સમયસર વૃક્ષો હટાવાતા મોટો અકસ્માત ટળ્યો છે.

રાહદારીઓ અને વાહનચાલકોને અવરજવરમાં ભારે મુશ્કેલી

સુખસરથી મોટાનટવા તરફ જતા માર્ગ ઉપર કાદવ-કીચડનૂ સામ્રાજ્ય

(પ્રતિનિધિ) સુખસર,તા.25 સુખસર ખાતે ખારી નદી ઉપર નિર્માણાધીન નવા બ્રિજનું કામ લગભગ પૂર્ણતાના આરે છે.છતાં બસ સ્ટેશન ચોકડીથી ખારી નદી બ્રિજ સુધીનો એપ્રોચ રોડ હજુ સુધી બનાવવામાં આવ્યો નથી.સતત વરસાદને કારણે સમગ્ર માર્ગ કાદવ અને કીચડથી લથપથ બની ગયો છે. જેના કારણે રોજિંદી અવર-જવર કરતા લોકો સહિત વાહન ચાલકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. આ માર્ગ રાવળ ના વરુણા, મોટા નટવા,નાની ઢઢેલી,ડબલારા અને વાસીયાકુઈ સહિતના અનેક ગામોને સુખસરને જોડતો મુખ્ય માર્ગ છે. દરરોજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, નોકરીયાતો, વેપારીઓ અને ગ્રામજનો આ રસ્તાનો ઉપયોગ કરે છે. વરસાદી પાણી ભરાઈ રહેતા કાદવ વધી ગયો છે.જેના કારણે બાઈક ચાલકો અને રાહદારીઓ લપસી પડવાના બનાવો પણ સામે આવી રહ્યા છે.માર્ગની લપસણી સ્થિતિને કારણે રસ્તાની બંને બાજુ આવેલા દુકાનદારો પણ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. ગ્રાહકોને દુકાનો સુધી પહોંચવામાં મુશ્કેલી પડે છે.જેના કારણે વેપાર પર પણ માઠી અસર પડી રહી હોવાનું દુકાનદારો જણાવી રહ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે,છેલ્લા એક મહિનાથી વધુ સમયથી બ્રિજના કામ સ્થળે લેબર,એન્જિનિયર કે સુપરવાઈઝર જોવા મળતા નથી. જેના કારણે લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો બ્રિજનું કામ પૂર્ણ થઈ ગયું હોય તો એપ્રોચ રોડ કેમ બનાવવામાં આવ્યો નથી?લઅને જો કામ બાકી હોય તો તે હજુ સુધી પૂર્ણ કેમ કરવામાં આવ્યું નથી? આ અંગે માર્ગ અને મકાન વિભાગના અધિકારી શૈલેષભાઈ ભુરીયા સાથે ટેલિફોનિક વાતચીત કરતાં તેમણે જણાવ્યું હતું કે,પુલનું થોડું કામ હજુ બાકી હોવાથી એપ્રોચ રોડનું કામ શરૂ કરવામાં આવ્યું નથી.

૭૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો

કાલોલની સીબી ગર્લ્સ હાઈસ્કૂલમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી

(પ્રતિનિધિ) કાલોલ, તા.25 શ્રી કાલોલ કેળવણી પ્રચારક મંડળ સંચાલિત શ્રીમતી સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલ ખાતે શનિવારના રોજ ધોરણ ૯ થી ૧૨ની વિદ્યાર્થીનીઓ માટે ગૌરીવ્રતના પાવન અવસરે મહેંદી સ્પર્ધા, કેશ ગૂંથન સ્પર્ધા, આરતી સુશોભન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કુલ ૭૦ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મહેંદીની આકર્ષક ડિઝાઇન, સુંદર રીતે શણગારેલ આરતીની થાળીઓ અને વિવિધ પ્રકારના કેશગૂંથન સૌના મન મોહી લે તેવા હતા.નિર્ણાયકોએ કૃતિઓનું મૂલ્યાંકન કરી શ્રેષ્ઠ સ્પર્ધકોની પસંદગી કરી વિજેતા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ હર્ષોલ્લાસ અને ધાર્મિક ભાવનાથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

તાજપુરા ના વિરાટ નારાયણવનમાં ચાતુર્માસનો દિવ્ય સંકલ્પ

દરરોજ ૧૦૮થી વધુ વૃક્ષારોપણ અને નિત્ય વિષ્ણુ સહસ્ત્રનામ પાઠ

(પ્રતિનિધિ) હાલોલ, તા.25 દેવશયની એકાદશી (૨૫ જુલાઈ, ૨૦૨૬) થી દેવઉઠી અગિયારસ (૨૦ નવેમ્બર, ૨૦૨૬) સુધીના પવિત્ર ચાતુર્માસ દરમિયાન પૂજ્ય નારાયણ બાપુના દિવ્ય આશીર્વાદથી વિરાટ નારાયણ વનમાં દરરોજ ઓછામાં ઓછા ૧૦૮ વૃક્ષોનું વૃક્ષારોપણ અને સંરક્ષણ કરવાનો દૃઢ સંકલ્પ કરવામાં આવ્યો છે. આ સંકલ્પ માત્ર વૃક્ષો વાવવાનો નથી, પરંતુ પ્રકૃતિ, પ્રાણી, પક્ષી, ગૌસેવા અને સમગ્ર સૃષ્ટિના કલ્યાણ માટેનો હરિત યજ્ઞ છે.

આજે વિરાટ નારાયણ વનમાં ૫૦,૦૦૦થી વધુ વૃક્ષો અને ૧૦૦થી વધુ સ્વદેશી પ્રજાતિઓ દેશી ગાય આધારિત જીવામૃત અને ઘન જીવામૃત દ્વારા રસાયણમુક્ત રીતે વિકસાવવામાં આવી રહી છે. વિરાટ નારાયણ વનમાં હવે ચાતુર્માસમાં દરરોજ ૧૦૮ કે તેથી વધુ વૃક્ષો વાવી સવા લાખ વૃક્ષો ની સેવા કરવાનો દિવ્ય સંકલ્પ છે. આ ચાતુર્માસ દરમિયાન વિરાટ નારાયણ વનમાં નિત્ય "શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ"નો સામૂહિક પાઠ પણ કરવામાં આવશે, જેથી સમગ્ર વનમાં સાત્વિક ચૈતન્ય, આધ્યાત્મિક ઊર્જા અને દિવ્ય સ્પંદનો સતત પ્રગટ રહે તેમજ વિશ્વને શાંતિ, પ્રેમ, કરુણા અને માનવતાનો સંદેશ મળે. ભારતીય સંસ્કૃતિમાં વૃક્ષને દેવસ્વરૂપ માનવામાં આવ્યું છે.

આશ્રમ ગુરૂપૂર્ણિમાની ઉજવણી થશે

હાલોલ : પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ તાજપુરા નારાયણ ધામ આશ્રમ ખાતે આગામીtr તા. ૨૯/૦૭/૨૦૨૬ ના રોજ 'ગુરુ પૂર્ણિમા' પર્વની ભવ્ય ઉજવણી થનાર છે.

રણધીકપુર પોલીસે બે ઈકો ગાડીમાંથી દારૂના જથ્થા સાથે 2 આરોપી ઝડપ્યા

(પ્રતિનિધિ) સિંગવડ, તા.25 સિંગવડ તાલુકામાં પ્રોહિબિશનની બાતમીના આધારે રણધીકપુર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે બે ઈકો ગાડીમાંથી ગુપ્ત ખાનુ બનાવીને લાવવામાં આવતો 1269 નંગ ઈંગ્લિશ દારૂ અને બીયરના ટીન સાથે 2 આરોપીઓને ઝડપી પાડ્યા છે. કેવી રીતે ઝડપાયા? તા. 25/07/2026 ના રોજ બપોરે અંદાજિત 1.30 કલાકે રણધીકપુર પોલીસને બાતમી મળી હતી કે બોરગોટા ગામ તરફ બે શંકાસ્પદ ઈકો ગાડી જઈ રહી છે. પોલીસે તાત્કાલિક બેરિકેડ કરી બંને ગાડીઓને ઉભી રખાવી તપાસ કરી હતી.

ઉપરથી કંઈ દેખાતું ન હોવાથી બોનેટ ખોલી તપાસ કરતા આગળના ભાગમાં છૂટા ઈંગ્લિશ દારૂના ક્વાટરિયા મળી આવ્યા હતા. ત્યારબાદ પોલીસ સ્ટેશને લાવીને વધુ ઝીણવટભરી તપાસ કરતા ગાડીના નીચેના ભાગમાં ગુપ્ત ખાનુ બનાવેલું હોવાનું ખુલ્યું. જેમાંથી મોટો જથ્થો મળી આવ્યો હતો.

ધર્મદાસગણ પરિષદના પદાધિકારીઓનું દાહોદમાં આગમન

દાહોદ : દાહોદ, ધર્મદાસ ગણ પરિષદના પદાધિકારીઓ દ્વારા ગણના વિવિધ સંઘોમાં ધર્મ આરાધના પ્રત્યે જાગૃતિ લાવવા માટે એક -વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રવાસના ભાગરૂપે ગણ પરિષદના અધ્યક્ષ ભરતભાઈ ભણસાલી, મંત્રી શૈલેષભાઈ પીપાડા, ડુંગર ઝોનના પ્રભારી પ્રવિણ રુનવાલ તેમજ વરિષ્ઠ સદસ્ય અમૃત કોઠારીનું દાહોદ શ્રી સંઘમાં આગમન થયું હતું.આ અવસરે દાહોદના હનુમાન બજાર સ્થાનક ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપવાસ કરનારા તેમજ વર્ષ દરમિયાન ૧૫૦૦ સામાયિક કરનારા ઉત્કૃષ્ટ આરાધક શ્રાવક-શ્રાવિકાઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

હાલોલના ઢીકવા ગામમાં આદર્શ માતા સ્પર્ધાનું સફળ આયોજન કરાયું

(પ્રતિનિધિ) હાલોલ, તા.25 ગામ ખાતે સન ફાર્મા કમ્યુનિટી હેલ્થ કેર સોસાયટી, હાલોલ દ્વારા "આદર્શ માતા સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ માતાઓમાં આરોગ્ય, સ્વચ્છતા, પોષણ અને પરિવાર પ્રત્યેની જવાબદારી અંગે જાગૃતિ લાવવાનો હતો. કાર્યક્રમનું આયોજન ડૉ. સ્મૃતિબેન, ધર્મિષ્ઠાબેન, શિલ્પાબેન અને કૌશિકભાઈના માર્ગદર્શન અને સહયોગથી કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં ગામની અનેક માતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધા દરમિયાન માતાઓના આરોગ્ય જ્ઞાન, બાળકોની સંભાળ, પોષણયુક્ત આહાર, સ્વચ્છતા અને સકારાત્મક વાલીપણાના વિવિધ પાસાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.વિજેતા માતાઓને સન્માનિત કરવામાં આવી હતી અને તમામ ભાગ લેનાર માતાઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય સંબંધિત મહત્વપૂર્ણ માહિતી પણ આપવામાં આવી હતી.

સામસામે લાકડી-પાઈપો ઊછળતા બંને પક્ષે મહિલાઓ સહિત અનેક ઘવાયા

કાલોલના અલવા ગામે ખેત-મજૂરી બાબતે બે જૂથ વચ્ચે ધીંગાણું

(પ્રતિનિધિ) કાલોલ, તા.25 કાલોલ તાલુકાના અલવા ગામના દેવચોટીયા મંદિરવાળા ફળિયામાં ૨૦ જુલાઈના રોજ ખેતરમાં મજૂરીકામે જવા બાબતે બોલાચાલી થયા બાદ બે જૂથ વચ્ચે હિંસક ધીંગાણું સર્જાયું હતું. સામસામે લાકડીઓ અને લોખંડની પાઈપો વડે હુમલો કરવામાં આવતાં બંને પક્ષના સભ્યોને ઈજાઓ પહોંચી હતી.

પ્રથમ પક્ષના ફરિયાદી કિરીટભાઈ જાલમભાઈ પરમાર (ઉં.વ. ૪૦) દ્વારા નોંધાવાયેલી ફરિયાદ મુજબ, ૨૦ જુલાઈના રોજ સવારે સાડા આઠ વાગ્યાના સુમારે તેમની કુટુંબી ભત્રીજા વહુ કપિલાબેન સંજયભાઈ પરમારે તેમની પત્ની ભાવનાબેનને "તમે મારા ઘરે ખેતરમાં મજૂરીએ કેમ નથી આવતાં અને બીજાના ઘરે કેમ જાવ છો?" તેમ કહી ઝઘડો કર્યો હતો. કિરીટભાઈએ ઝઘડો શાંત પાડ્યા બાદ કપિલાબેને તેમના પતિ સંજયભાઈ અને રાહતળાવથી સાળા ભરતભાઈ માસુકભાઈ રાઠોડ અને સુરેશભાઈ ઉર્ફે લાલાભાઈ જશવંતભાઈ રાઠોડને બોલાવ્યા હતા.તમામ આરોપીઓએ લાકડીઓ અને લોખંડની પાઈપો સાથે આવી ગાળો આપી હુમલો કર્યો હતો,

જેમાં ભાવનાબેન તેમજ છોડાવવા પડેલી દીકરીઓ આરતીબેન અને હરસિદ્ધિબેન તથા કિરીટભાઈને હાથ તથા શરીરે ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરોએ ઘર આગળ મૂકેલી એક્ટિવા ગાડીમાં તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે મલાવ અને ત્યારબાદ ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે આરોપીઓ (૧) સંજયભાઈ રામાભાઈ પરમાર, (૨) કપિલાબેન સંજયભાઈ પરમાર, (૩) ભરતભાઈ માસુકભાઈ રાઠોડ, અને (૪) સુરેશભાઈ ઉર્ફે લાલાભાઈ જશવંતભાઈ રાઠોડ. સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જ્યારે સામા પક્ષના ફરિયાદી કપિલાબેન સંજયભાઈ પરમાર (ઉં.વ. ૪૧) એ વળતી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ઘટનાના દિવસે તેઓ ઘર આગળ કચરો વાળતા હતા ત્યારે કાકી સાસુ ભાવનાબેન કિરીટભાઈ પરમારે ગાળો બોલવાની ના પાડતા ભાવનાબેન અને તેમના પતિ કિરીટભાઈએ ઘરમાંથી બહાર ખેંચી ગડદાપાટુનો માર માર્યો હતો.

સદનસીબે મોટી જાનહાનિ ટળી

વેજલપુર માળી ફળિયાના નાકા પાસે જર્જરીત મકાન ધરાશાયી થયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.25 કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં આવેલા માળી ફળિયામાં પંદર દિવસ પહેલા એક મોટી હોનારત સર્જાય હતી અને એક જર્જરિત મકાન નો આગળ નો ભાગ ધરાશાયી થયો હતો સદનસીબે જાનહાની ટળી હતી ત્યારે ફળી આજ રોજ રિમજીમ વરસતા વરસાદમાં તેની બાજુમાં આવેલ જાહેર રસ્તા ઉપર નું જર્જરિત મકાન ધરાશાયી થતા જર્જરિત મકાન નો કાટમાળ રસ્તા ઉપર વેરવિખેર થયો હતો અને જાહેર માર્ગ રસ્તો સદંતર બંધ થયો હતો ચોમાસાની ઋતુ ના કારણે લોકો ઘરો માં હોય અને વરસાદ ના કારણે લોકોની અવરજવર બંધ ના કારણે કોઈ મોટી હોનારત સર્જાય નહતી ગામમાં વર્ષોના લાંબા સમયથી બિસ્માર હાલતમાં ઉભેલા એક જૂના જર્જરીત મકાનનો આવેલા છે જે અચાનક ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે અગાઉ ધરાશાહી થયેલ મકાન માં ઘટના સમયે આસપાસ કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.

દેવગઢ બારીયા ન.પા. પેટાચૂંટણીમાં મોટો રાજકીય ભૂકંપ: હાઈકોર્ટ દ્વારા બે બેઠકો પર સ્ટે

(પ્રતિનિધિ) દાહોદ, તા.25 દેવગઢ બારીયા નગરપાલિકાની ખાલી પડેલી ૬ બેઠકોની પેટાચૂંટણીને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. આગામી ૨૮મી તારીખે યોજાનારી આ ચૂંટણી માટે તમામ રાજકીય પક્ષોએ કમર કસી છે, ત્યારે આ ચૂંટણી પ્રક્રિયાની બરાબર વચ્ચે ગુજરાત હાઈકોર્ટના એક મહત્વપૂર્ણ આદેશ થી મોટો વળાંક આવ્યો છે ગુજરાત હાઈકોર્ટના માનનીય જસ્ટિસ શ્રી નિખિલ એસ. કરિઅલની કોર્ટમાં થયેલી કાનૂની સુનાવણી બાદ, હાઈકોર્ટે બે બેઠકો (વોર્ડ નંબર ૫ ની સીટ નંબર ૧ અને ૪) ની ચૂંટણી પ્રક્રિયા પર મનાઈહુકમ (સ્ટે) ફરમાવ્યો પ્રાપ્ત માહિતી અનુસાર, અગાઉ ગેરલાયક ઠરેલા સભ્યોમાંથી ૪ સભ્યો (નિધિબેન જૈન, સરલાબેન મેડા, ગોપાલસિંહ ઝાલા અને પ્રગ્નેશભાઈ મોહનિયા) એ આ પેટાચૂંટણીમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. હાઈકોર્ટના ચુકાદા અને કાનૂની નીતિ-નિયમો મુજબ, કોર્ટે નોંધ્યું છે કે જે ઉમેદવારોએ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લઈને ફોર્મ ભર્યા છે, તેઓ હવે આ પ્રક્રિયાને પડકારી શકે નહીં, આથી તેમની ચૂંટણી અટકાવવાની અરજી કોર્ટે ફગાવી દીધી છે. જ્યારે બીજી તરફ, નીલ સોની અને અરુણાબેન દ્વારા ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવામાં આવી ન હતી. કોર્ટના આદેશ અનુસાર, જે બે અરજદારોએ ફોર્મ. ન હોતા ભર્યા, તેમની બે બેઠકો પર હાઈકોર્ટે ચૂંટણી પ્રક્રિયા અટકાવતો સ્ટે ઓર્ડર આપ્યો છે. કોર્ટે ન્યાયિક સિદ્ધાંતો અને મતદારોના અધિકારોનું સંતુલન જાળવીને આ ચુકાદો આપ્યો છે, જેમાં એ બાબત પર પણ ભાર મૂકવામાં આવ્યો છે કે મતદારોને તેમના ચૂંટાયેલા પ્રતિનિધિ વિના લાંબો સમય રાખી શકાય નહીં. ઉમેદવારી ન નોંધાવવા છતાં કાનૂની લડતમાં મળેલી આ મોટી રાહતને કારણે, દેવગઢ બારિયા નગરમાં રાજકીય રીતે ફરી એકવાર નીલ સોનીનો દબદબો અને પ્રભુત્વ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. તેમની આ કાનૂન વ્યૂહરચના ની નગરમાં ભારે ચર્ચા થઈ રહી છે.

રાજકીય ગરમાવો અને આગામી સુનાવણી

ન્યાયિક પ્રક્રિયા અને પત્રકારત્વના નીતિ-નિયમોને અધીન (સબ-જ્યુડીસ મેટર) રહીને વાત કરીએ તો, આગામી ૧૦મી ઓગસ્ટે આ કેસની અંતિમ સુનાવણી (ફાઈનલ હિયરિંગ) હાથ ધરાવાની છે. જો અંતિમ જજમેન્ટમાં કોર્ટ આ છ સભ્યોને રાહત આપે અને ચુકાદો તેમની તરફેણ માં આવે, તો આખી ચૂંટણી પ્રક્રિયા રદ થઈ શકે છે અને સ્થાનિક રાજકારણમાં ફરી મોટો અપસેટ સર્જાય તેવી પૂરેપૂર શક્યતાઓ સેવાઈ રહી છે.

રોટરી ક્લબ ઓફ હાલોલ દ્વારા ૮૦૦ નોટબુકનું વિતરણ

(પ્રતિનિધિ) હાલોલ, તા.25 રોટરી ક્લબ ઓફ હાલોલ દ્વારા સમાજસેવાના વધુ એક ઉમદા પ્રકલ્પ અંતર્ગત માનનીય રોટેરિયન જયદ્રતસિંહજી પરમારના જન્મદિવસ નિમિત્તે ઝાંખરિયા પ્રાથમિક શાળા અને ધર્મપુરી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને કુલ 800 નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ હાલોલના પ્રમુખ રોટે. હાર્દિક જોશીપુરા, સચિવ રોટે. વૈભવ પટેલ, આસિસ્ટન્ટ ગવર્નર રોટે. પ્રદીપ પરીખ, તેમજ સભ્યો રોટે. શીતલ પટેલ, રોટે. ડૉ. સંજય પટેલ અને રોટે. જિગ્નેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. ક્લબના આગેવાનોએ વિદ્યાર્થીઓને અભ્યાસમાં સતત પ્રગતિ કરવા, નિયમિતતા જાળવવા અને જીવનમાં ઉચ્ચ લક્ષ્યો હાંસલ કરવા માટે પ્રેરણા આપી હતી. વિદ્યાર્થીઓએ પણ આ સેવા પ્રકલ્પ બદલ રોટરી ક્લબ ઓફ હાલોલ પ્રત્યે આનંદ અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.